# પાલનપુરમાં ધોળે દિવસે વેપારીની કારમાથી સવા ત્રણ લાખની ચીલઝડપ

## એક્ટીવા ચાલક ગઠીયો નજર ચુકવી રોકડ ભરેલો થેલો લઈ ફરાર થઈ ગયો

પાલનપુર, તા. ૧૮

પાલનપુરના ગુરૂનાનક ચોકમાં સમી સાંજે એક વેપારીનો રૂ. સવા ત્રણ લાખ ભરેલો થેલો એક્ટીવા ચાલક ગઠીયો કારમાંથી ખેંચી ફરાર થઈ ગયો હતો.




ધોળે દિવસે બનેલી આ ચીલઝડપની ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતા તાલુકાના જસવંતગઢ (ભેમાણ) ગામના ઈદ્રીસભાઈ પીરાભાઈ ભોરણીયા પોતાની કાર લઈ પાલનપુર સ્થિત મહેન્દ્ર કોટક બેંકમાં આવ્યા હતા. બાદમાં બેંકમાંથી રૂપિયા ૩.૨૫ લાખ ઉપાડી પોતાના પાકીટ (થેલા)માં લઈ કારમાં સવાર થઈ ગુરૂનાનક ચોક તરફ માર્ગ પર આવી રહ્યા હતા. આ દરમિયાન પાસેથી આવેલા એક એક્ટીવા ચાલક ગઠીયાએ કારચાલક ઈદ્રિસભાઈની નજર ચુકવી કારમાંથી કલર પડી ગયો છે તેમ કહી કારમાં રહેલુ રોકડા રૂપિયા ભરેલુ પાકીટ ખેંચી ફરાર થઈ ગયો હતો. આમ નજર સામે જ પાકીટ ખેંચી ગઠીયો ફરાર થતા કારચાલકે બુમાબુમ કરી હતી, પરંતુ કોઈ સમજે એ પહેલા જ ગઠીયો ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈદ્રિસભાઈએ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને ગઠીયાની શોધખોળ હાથ ધરી છે.

# મોડાસા એચ.ડી.એફ.સી. બેન્કનો સીક્યુરીટી ગાર્ડ દુકાનમાં ચોરી કરતા ઝડપાયો

મોડાસા, તા. ૧૮

મોડાસા બસસ્ટેન્ડ નજીક ગેવલેક્સી કોમ્પલેક્ષમાં આવેલા એચ.ડી.એફ.સી. બેંકના એટીએમ પર સીક્યુરીટી ગાર્ડ તરીકે ખાનગી કંપનીનો યુવક ફરજ દરમિયાન એટીએમની બાજુમાં રહેલી નાસ્તાની દુકાનમાંથી રાત્રી દરમ્યાન વારંવાર ચોરીની ઘટનાને અંજામ આપતા આ અંગે દુકાન માલિકને શંકા પેદા થતા સીસીટીવી કેમેરા લગાવતા બુધવારે રાત્રીના ફરજના સમય દરમ્યાન દુકાનની અંદર રહેલી રોકડ રકમની ચોરી કરતા સીસીટીવી કેમેરામાં કેદ થતા દુકાન માલિકે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં સીક્યુરીટી ગાર્ડ સામે ૪૨૦ રૂ.ની ચોરીની ફરિયાદ નોંધાવતા સીક્યુરીટી ગાર્ડ જ ચોરીની ઘટનાને અંજામ આપતો હોવાનું જણાઈ આવ્યુ હતુ. મોડાસા ટાઉનપોલીસે સીક્યુરીટીગાર્ડને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.




મોડાસા બસસ્ટેન્ડ નજીક આવેલા ગેલેક્ષી કોમ્પલેક્ષમાં એચડીએફસી બેન્કના એટીએમ મશીન પર એમ.એસ.એફ. સીક્યુરીટી કંપનીનો કર્મચારીએ બાજુની કાઠીયાવાડી ગાંઠીયા હાઉસમાં જ ચોરી કરતો ઝડપાતા યુવક સામે ફીટકાર વરસ્યો હતો. વિજયભાઈ જયંતિભાઈ પરમાર (રહે. આમેદરા, તા. ધનસુરા)નો યુવાન એમ.એસ.એફ. સીક્યુરીટી કંપનીમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ફરજ બજાવતો હતો.

આ કંપનીને એચ.ડી.એફ.સી. મોડાસા એટીએમ મશીન પર સીક્યુરીટી ગાર્ડ તરીકેનો કોન્ટ્રાક્ટ મળતા વિજયભાઈ પરમારને મોડાસા બસસ્ટેન્ડ પાછળ આવેલ ગેલેક્સી કોમ્પલેક્ષમાં રહેલા એચ.ડી.એફ.સી. બેન્કના એટીએમ પર સીક્યુરીટી ગાર્ડ તરીકે નિમણુંક કરતા સીક્યુરીટી ગાર્ડે પોતાની ફરજ ભુલી રૂપિયા કમાવવા સસ્તો રસ્તો અપનાવતા બાજુની કાઠીયાવાડી દુકાનમાં ફરજ દરમિયાન ચોરીની ઘટનાને અંજામ આપતો હતો. કાઠીયાવાડી ગાંઠીયાની દુકાનના શટરની ડુપ્લીકેટ ચાવી બનાવી લીધી હતી અને જ્યારે રાત્રીની નોકરીના સમયે શટરનું લોક ખોલી દુકાનમાં રહેલી ૧૦૦ ટકા રકમમાંથી ૭૦ ટકા રકમની ચોરી કરતો હતો. જેથી દુકાન માલીકને ખબર ના પડે પરંતુ દુકાનના કાઉન્ટરમાં આ સીક્યુરીટી ગાર્ડની ફરજ દરમ્યાન જ ચોરી થતી હોવાનું ધ્યાને આવતા દુકાન માલિકે દુકાનમાં સીસીટીવી લગાડી દીધા હતા. સીસીટીવી કેમેરા લગાવ્યાથી અજાણ આ સીક્યુરીટી ગાર્ડે બુધવારે રાત્રી દરમ્યાન ફરીથી કાઉન્ટરમાં રહેલી ૪૨૦ રૂ.ની રોકડ રકમ તફડાવી લેતા બીજા દિવસે દુકાનમાલિકે સીસીટીવી કેમેરા ચેક કરતા વિજય પરમાર નામનો સીક્યુરીટી ગાર્ડ ચોરી કરતો હોવાનું જણાઈ આવતા દુકાનમાલિક અમીનભાઈએ શુક્રવારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે દુકાન માલિકની ફરિયાદના આધારે સીક્યુરીટી ગાર્ડને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં હોળી-ધૂળેટીના પગલે બજાર ગ્રાહકોથી ધમધમ્યા

મોડાસા, તા. ૧૮

હોળીના તહેવારને એક સપ્તાહ જેટલો જ સમય બાકી રહેતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના બજારો ગ્રાહકોથી ધમધમવા લાગ્યા છે. બન્ને જિલ્લાના મુખ્ય શહેરોના માર્ગોપર ખજૂરના સ્ટોલ અને વિવિધ પ્રકારની ધાણીની લારીઓ લઈને ઉભા રહેલા ફેરીયાઓનો જમાવડો જામી ગયો છે. તદ્ઉપરાંત રાજસ્થાનના સીમલવાડા, પીઠ, ગલીયાકોટના લોકોની અવરજવર અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં હોળી-ધુળેટીના ઉત્સવને પગલે મોટી સંખ્યામાં રાજસ્થાની પ્રજાજનો ઉમટી પડ્યા છે.



અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દર વર્ષે હોળી-ધુળેટીના તહેવાર સમયે પરંપરા મુજબ જેમના પ્રસંગો ઉજવવામાં આવતા હોય છે. હિન્દુ સમાજમાં પ્રથમ પુત્રના જન્મ નિમિત્તે જેમના પ્રસંગો પરંપરા પ્રમાણે ઉજવતા હોવાથી બજારમાં વાસણ અને વસ્ત્રોની ધૂમ ખરીદી થઈ રહી છે. જિલ્લાના બજારમાં મંદીનો માહોલ એક સપ્તાહ પૂર્વે જોવા મળ્યા પછી હોળી નજીક આવતા બજારમાં નવી ચેતના આવી છે અને ગ્રાહકોથી બજાર ધમધમી ઉઠ્યા છે. હોળીના પર્વે નજદીક હોવાથી ધાણી, ખજૂર, હારડાના અત્યારથી ઢગ ખડકાઈ જતા બજારમાં પ્રજાજનો ઉમટી પડતા ખરીદીનો માહોલ જામી ગયો છે. રંગોત્સવના પર્વે હોળીના તહેવારના પગલે બજારમાં ગત વર્ષની જેમ ધાણીના ભાવમાં નજીવો વધારો થયો છે. વસંતઋતુમાં ધાણી અને ખજૂરના ઔષધીય ફાયદા પણ રહેલા હોવાથી તેમજ હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે જ ધાણીના અલગ-અલગ પ્રકારનો સ્વાદની મજા માણવા મળતી હોવાથી પ્રજાજનો ધાણી-ખજૂરના સ્ટોલ અને ફેરીયાઓ પાસેથી મોટા પ્રમાણમાં ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. બન્ને જિલ્લામાં હોળી-ધુળેટીનું પર્વ વેપારીઓ માટે અચ્છે દિન લઈને આવ્યુ હોય તેવુ ઠેક ઠેકાણે જોવા મળી રહ્યું છે.

ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે પીચકારીઓ તથા રંગોના ભાવમાં ૧૦ટકા જેટલો સામાન્ય ભાવ વધારો ઝીંકાયો છે. ચાલુ વર્ષે બાળકોમાં પીચકારીઓ અવનવા કાર્ટુન અને વેરાયટીઓમાં ઉપલબ્ધ હોવાથી બાળકો સપ્તાહ જેટલો સમય બાકી હોવા છતાં બજારમાં પીચકારી ખરીદારો અધીરા બન્યા છે. છોટા-ભીમ, એગ્રીબર્ડ, બેનટેન, ડોરમેન તેમજ લાઈટ અને મ્યુઝીક ધરાવતી ડાયનાસોર વાળી પિચકારી લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યુ છે. બજારમાં ફુગ્ગાઓનું વેચાણમાં ખુબજ મોટા પ્રમાણમાં વધારો જોવા મળ્યો હતો. જેમ જેમ પર્વ નજીક આવશે તેમ તેમ બજારમાં ઘરાકી જામશે તેવી આશા વેપારીઓ રાખી રહ્યા છે.

# મોડાસા તાલુકા પંચાયતના એક બાબુમોશાય વતનમાં મંદિર બનાવવા રૂપિયા ઉઘરાવતા હોવાની બૂમ

અરવલ્લી જિલ્લાની મોડાસા તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા એક બાબુમોશાય ઉંચી ટકાવારી લેવા બાબતે ચર્ચાનું કેન્દ્ર બન્યા બાદ પોતાન વતનમાં મંદિર બનાવવા દમ મારી રૂપિયા ઉઘરાવતા હોવાની બૂમ ઉઠી છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી તથા એસીબી તપાસ હાથ ધરે તેવી જનતાની માંગ છે.

અરવલ્લી જિલ્લાની મોડાસા તાલુકા પંચાયતમાં ભાજપ બાદ કોંગ્રેસનું શાસન આવતા અધિકારીઓ તથા કર્મચારીઓ બેખોફ બન્યા છે. થોડા સમય પહેલા સૌરાષ્ટ્ર બાજુ ફરજ બજાવી ચુકેલા એક બાબુમોશાય કોન્ટ્રાકટરો પાસેથી ૨ ટકાના બદલે મનફાવે તેમ ૫ ટકા રકમ પડાવતા હોવાની બૂમ ઉઠી છે. તેની શાહી સુકાઈ નથી ત્યાં જ આ જ બાબુમોશાય પોતાના વતનમાં પોતાના ઈષ્ટદેવનું મોટું મંદિર બનાવે છે. આ મંદિર બનાવવા સ્વૈચ્છીક દાન લેવાના બદલે ૫૦ તથા ૧૦૦ રૂપિયાની પહોંચો ફાડીને દમ મારીને દાન લેતા હોવાનું બહાર આવ્યું છે. આ બાબુમોશાય કોન્ટ્રાકટરો, નેતાઓ, અરજદારોને દમ મારી રૂપિયા પડાવીને દાન લેતા હોવાની ચર્ચા છે. આમ ભ્રષ્ટાચારનો નવો જ નુસ્ખો શોધી કાઢયો છે. ત્યારે એન્ટી કરપ્શન બ્યુરો આ બાબતે ખાનગી વોચ ગોઠવી આવી પહોંચ બુક મેળવીને આ બાબુ મોશાય સામે કેસ દાખલ કરે તેવી જનતાની માંગ છે.

## આઈ.આઈ.એમ.ની ટીમે બોરીયા અને ઓરાણ ગામની મુલાકાત લીધી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા તથા ઓરાણ ગામની મુલાકાતે ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈ.આઈ.એમ.)ની ટીમે લીધી. તા. ૧૬-૩-૨૦૧૬ના બુધવારના દિવસે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સી પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક તથા જિલ્લા કો. ઓર્ડીનેટર ડૉ. રચના પંડ્યા સહિતની ટીમ દ્વારા સ્વાસ્થ્ય સંવેદના સેના તથા માતા યશોદા એપ્લીકેશનની ઉપયોગીતા તથા જનતાને તેનાથી થતા ફાયદાઓની સમજ આપી હતી. જેના ટીમ દ્વારા વખાણ કરી બિરદાવ્યા હતા.

# સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત વિશ્વ બેન્કના પ્રતિનિધિ મહેસાણા જિલ્લાના પ્રવાસે

મહેસાણા, તા. ૧૮

સમગ્ર રાજ્યમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સંપૂર્ણ શૌચાલય અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્તની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરાયેલ સર્વે મુજબ જિલ્લામાં ૧૩૮૦૧૩ શૌચાલય બનાવવાના બાકી હતા. જિલ્લા વહીવટીતંત્રએ આ કામગીરીને યુદ્ધના ધોરણે કરી ૨૦૧૫ સુધીમાં જિલ્લાએ ૩૮૩૩૨ શૌચાલયોનું બાંધકામ પૂર્ણ કરી ગતિશીલતા લાવી છે.

કચ્છ ભારત અભિયાન હેઠળ સમગ્ર જિલ્લાને ઓ.ડી.એફ. (ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત) કરવા માટે તંત્ર પ્રયત્નશીલ બન્યું છે. મહેસાણા જિલ્લાની આ કામગીરીથી પ્રભાવિત થઈને વિશ્વ બેન્કના પ્રતિનિધિઓ મહેસાણા તાલુકાના ધનપુરા(જો), જમનાપુર અને દેલા ગામની મુલાકાત કરી હતી.

વિશ્વ બેન્કના પ્રતિનિધિ જોયલપ વોરહેગન જિલ્લાની કામગીરીથી પ્રભાવિત થયા હતા. વિશ્વ બેન્કના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લો સ્વચ્છ ભારત મિશન કામગીરીમાં આગેવાની લઈ રહ્યો છે. ભુતકાળમાં જિલ્લાની મુલાકાત સમયે ચા અને સમોસાનો સ્વાદ માણ્યો હતો. નિર્મળ ગ્રામ મિશન અભિયાનમાં સરકાર અને લોકો સાથે મળીને કામ કરી રહ્યા છે જેનાથી હું પ્રભાવિત થયો છું તેમ જણાવ્યું હતું.

# વડાલીના બે નરાધમોએ એક યુવતીને પીંખી નાંખી

વડાલી તાલુકાના વાસણ ગામની એક યુવતીનું અપહરણ કરી ખેડબ્રહ્માની હોટલમાં લઈ જઈ મરજી વિરૂધ્ધ બળાત્કાર બે ઈસમોએ ગુજાર્યો હતો. અને આ વાત કોઈને કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે મામલે મહિલાએ આ બંને ઈસમો વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વડાલી તાલુકાના વાસણ ગામની એક યુવતી થોડા સમય અગાઉ કુળદેવીના દર્શન કરવા ખેડબ્રહ્માથી પાટણ પગપાળા સંઘમાં ગઈ હતી. આ દરમિયાન વડાલીના સાગર નાયી સાથે મુલાકાત થઈ હતી બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો અને સાગરે યુવતી સાથે લગ્નની વાત કરતા યુવતીએ આ વાત પરિવારને કરી હતી. પરંતુ યુવતીના પરિવારજનોએ લગ્નની ના પાડી દીધી હતી. આથી યુવતીએ સાગર સાથે મળવાનું બંધ કરતા વારંવાર સાગર યુવતીને પરેશાન કરતો હતો અને બદનામ કરવાની ધમકી આપતો હતો. આથી પરેશાન યુવતીએ સાગરના મિત્ર રીપન પઠાણને ફોન કરી બોલાવી તેને ઈડર મુકી જવા કહ્યું હતું. પરંતુ મોડી સાંજ પડી જતા રીપન યુવતીને ખેડબ્રહ્માની આસોપાલવ હોટલમાં લઈ ગયો હતો અને ત્યાં બળજબરી પૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો.

# રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગે સાબરકાંઠા જિલ્લાની મુલાકાત લીધી

## સફાઈ કર્મચારીઓના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા તાકીદ : સફાઈના દૂતને યોગ્ય ન્યાય મળવો જોઈએ : વિજયકુમાર

હિંમતનગર, તા. ૧૮

ભારત સરકારના સફાઈ કર્મચારીઓ માટેના રાષ્ટ્રીય આયોગ (નેશનલ કમિશન ફોર સફાઈ



કર્મચારીઝ)ના સદસ્ય વિજયકુમારે હિંમતનગરના સર્કિટહાઉસ ખાતે સાબરકાંઠા જિલ્લાના સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અને રજૂઆતો સાંભળી તેમને યોગ્ય નિકાલ કરવા તાકીદ કરી હતી.

આયોગના સદસ્ય વિજયકુમારે રાષ્ટ્રીય સફાઈ કર્મચારીઝ આયોગની કામગીરીની વિગતો આપતાં જણાવ્યું હતું કે જે સફાઈ કર્મચારીઓની સમસ્યા, સફાઈ કર્મીઓના કામની જગાએ સુવિધા, સફાઈ કર્મીઓના બાળકોની શિક્ષણની સમસ્યાઓ જાણી તેને સમાધાન કરાવવાનું કાર્ય કરે છે. સફાઈ કર્મીઓના હક્કો અને અધિકારીઓ માટે આયોગ હંમેશા પ્રયત્નશીલ છે.

સરહદના સીમાડાઓનું રક્ષણ આપણા સૈનિકો કરી રહ્યા છે, તેમ કરોડો નાગરિકોના સ્વાસ્થ્યનું રક્ષણ સફાઈ કર્મીઓ કરી રહ્યા છે એવી લાગણી વ્યકત કરતા સફાઈ કર્મીઓને સ્વાસ્થ્ય રક્ષક અથવા સફાઈના દૂતને યોગ્ય ન્યાય આપવા માટે માનવીય અભિગમ સહ સંવેદનાથી અધિકારીઓ કાર્ય કરે તે ખૂબ જ ઈચ્છનીય છે. તેમ જમાવી તેઓએ હિંમતનગરના ઋષિનગરના વાલ્મીકીભાઈઓ સાથે ચર્ચા કરી તેમના પ્રશ્નોનો યોગ્ય નિરાકરણ માટે ઘટતુ સત્વરે થશે તેવી ખાત્રી આપી હતી.

જિલ્લા સમાહર્તા પી. સ્વરૂપે જિલ્લામાં સફાઈ કર્મીઓને લગતી વિવિધ યોજનાઓની જાણકારી આપવા જનજાગૃતિ શિબિરો યોજવા તેમજ તેમના સ્વાસ્થ્યની ચકાસણી માટે સમયાંતરે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવા અંગેની બાંહેધરી આપી હતી.

સ્વચ્છ ભારત અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અમલી સ્વચ્છતા ઉદ્યમી યોજના હેઠળ જિલ્લાના સફાઈ કર્મચારીઓને આવરી લેવા તેમણે જણાવ્યું હતું કે, સફાઈ કર્મીઓના પ્રતિનિધિઓએ સફાઈ ક્રમીઓની ભરતી કરવી, નિવૃત્તિ બાદ રહેમરાહે નોકરી આપવી, સફાઈ કામદારોના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા, સફાઈ કર્મીઓ માટે આવાસ નિર્માણ, સફાઈ કર્મીઓ માટે કોમ્યુનિટી હોલ બનાવવા, સફાઈ કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી પુરી પાડવા, તાલીમ આપી ન્ન્ય વ્યવસાય તરફ પ્રેરિત કરવા જેવી રજૂઆતો કરી હતી. વિજયકુમારે સફાઈ કામદારોની રજૂઆતો અંગે ઝડપભેર ઉકેલ લાવવા તંત્રના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસવડા પ્રવિણ માલ, અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણી સહિત જિલ્લાની નગરપાલિકાઓના ચીફ ઓફિસરો અને સફાઈ કર્મીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## સાલેરામાં તળાવમાં ડૂબી જતા યુવકનું મોત

પોશીના, તા. ૧૮

પોશીના તાલુકાના સાલેરા ગામમાં મંગળવારે તળાવમાં ન્હાવા પડેલા એક યુવકનું ડૂબી જવાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે પોશીના પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

સાલેરા ગામે રહેતા લસાભાઈ રૂપાભાઈ ગમાર મંગળવારે બપોરના સુમારે ગામના તળાવમાં ન્હાવા પડ્યા હતા. દરમિયાન અચાનક તેમનો પગ લપસી જતા ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જે અંગે આસપાસમાં રહેતા લોકોને ખબર પડતા તેમણે આવી લસાભાઈ ગમારને તળાવના પાણીમાંથી બાર કાઢ્યા હતા અને સારવાર માટે લઈ જવાયા હતા ત્યારે રસ્તામાં જ તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે સાલેરાના નેવાભાઈ રૂપાભાઈ ગમારે પોશીના પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડામાં બી.એડ્.ના વિદ્યાર્થીઓ ધ્વારા બી.એડ્.નો અભ્યાસક્રમ બે વર્ષનો હોવાથી એક વર્ષનો કરવા સંદર્ભે ભિલોડા મામલતદાર જી.કે.પટેલને આવેદનપત્ર અપાયુ હતું. ભિલોડા બી.એડ્.ના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, બી.એડ્.નો અભ્યાસક્રમ વર્ષ-૨૦૧૫ સુધી એક વર્ષનો હતો પણ તે બદલીને બી.એડ્.નો અભ્યાસક્રમ વર્ષ-૨૦૧૫/૧૬ થી બે વર્ષનો કરી દેવામાં આવ્યો છે. જેના કારણે ગરીબ વિદ્યાર્થીઓને ભારે આર્થિક મુશ્કેલીનો સહન કરવાનો વારો આવ્યો છે.ગરીબ વિદ્યાર્થીઓ ફી ભરી શકતા નથી.સેલ્ફ ફાયનાન્સ કોલેજની એક વર્ષની ફી અંદાજીત રૂા.૩૫,૦૦૦/-થી રૂા.૪૦,૦૦૦/-છે. જેથી બે વર્ષની ફી રૂા.૭૦,૦૦૦/-થી રૂા.૮૦,૦૦૦/-જેટલી થાય છે. જે દરેક વિદ્યાર્થીઓને પોસાય તેમ નથી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણમાં સરકારી કોલેજની સંખ્યા ૭ જ છે અને સેલ્ફ ફાયનાન્સ કોલેજની સંખ્યા ૬૯ છે. જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ બી.એડ્.નો અભ્યાસક્રમ કરવાનું ટાળી રહ્યા છે.

# હિંમતનગરના નગરજનો આનંદો : સાબર સ્ટેડિયમ ખાતે સ્વીમીંગ કરી શકાશે

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતેઆવેલ સ્વીમીંગ પુલ નાગરિકોમાટે પુનઃ એક વખત સ્થાનિક ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર, ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં બુધવારે સવારે ખુલ્લો મુકાયો હતો. ખેલમહાકુંભ જેવી સ્પર્ધાઓના કારણે જિલ્લાના રમતવીરોના આત્મવિશ્વાસમાં વધારો થવાની સાથે પ્રોત્સાહન પુરૂ પાડવામાં મદદ મળી હોવાનું કલેક્ટર પી. સ્વરૂપે જણાવ્યું હતું.

આ અંગે સ્થાનિક ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા નિર્માણ થયેલ જિલ્લા રમતગમત સંકુલ સાબર સ્ટેડિયમમાં બેડમિંટન, ટેબલ ટેનીસ, બાસ્કેટબોલ જેવી ઈન્ડોર ગેમ સહિત એથ્લેટિક્સની રમતો માટેની વ્યવસ્થા કરાઈ છે. અદ્યતન સુવિધા સાથેનો સ્વીમીંગ પુલ શરૂ કરવામાં આવી રહ્યો છે ત્યારે નાગરિકો સ્વીમીંગ પુલનો લાભ ઉઠાવે તેવી અપીલ કરી હતી.

રમતગમત સંકુલમાં સિનીયર કોચની હાજરીમાં સ્વીમીંગ માટેની તાલીમ મેળવી જિલ્લાના રમતવીરો ગુજરાત સહિત ભારત રાષ્ટ્રનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન. એમ., અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણી, નગરપાલિકા પ્રમુખ નિલાબેન પટેલ, કારોબારી સમિતિ ચેરમેન વિમલભાઈ ઉપાધ્યાય, અગ્રણી ગોપાલસિંહ રાઠોડ, પ્રાંત અધિકારી કલ્પેશ પાટીદાર, રમતગમત અધિકારી અશોકભાઈ રાવલ, મામલતદાર એચ.કે. ગઢવી સહિત ઉચ્ચ અધિકારીઓ તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.